સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

તુલસી 'સિયરામમય' જગતને જાણે છે,
જડ-ચેતન જગતના ઇશ્વરમય માણે છે,
તાણે છે ભેદની રેખા ધર્મની વચ્ચે, સનાતની -
એ 'ધર્મજ્ઞ' જ અધર્મનો વીંછી ચઢાવે છાણે છે,
(લ્યો! મોદીને ધમકી?!)

હાઈકુ

ખંડાઇ જાય!
વિના વાંકે 'ઘઉંલા'
મધ્યમ વર્ગી!
(બોળ ચોથ)

સ્વ ફર્જ છતાં -
રાખે છે સૌ બીજામાં,
રક્ષા અપેક્ષા..
(રક્ષા ના બંધન?!)

ચિંતન

ઉપાધિભિ : સંતત સંગતો અપિ નહિ સ્વભાવં વિજહાતિ ભાવઃ ।
આજન્મ ઉન્મજ્જતિ દુગ્ધં સિન્ધૌ તથાપિ કાકઃ કિલ કૃષ્ણ એવ ॥

'માનવ પ્રાણી અનેક ઉપાધિઓથી સતત પીડાતો રહે છે છતાં એ બધાં માટે કારણભૂત એવા પોતાનો સ્વભાવ છોડતો નથી. કાગડો છો ને જન્મપર્યંત દૂધના સાગરમાં સ્નાન કર્યા કરે છતાંય એ કાળો જ કાળો જ રહે છે.'

સ્વભાવ-પ્રકૃતિ ક્યારેય બદલતી નથી એ જન્મની સાથે પૂર્વજન્મનાં કર્મો (સારાં કે ખરાબ) ફળ સ્વરૂપ પ્રમાણે સુખી કે દુખી થાય છે. વિધિ-વિધાતા-ભગવાન કંઇ ચાબૂક લઇને કે ભેટ સોગાદ લઇને આવતા નથી કોઇનો સ્વભાવ શાંત-ધીરજવાળો હોય એ પોતાના વિચાર અને આચરણ પર કાબૂ રાખી શકે છે કોઇનો સ્વભાવ ઉશ્કેરાટવાળો હોય છે એ ધીરજ અને શાંતિથી વિચારી નથી શકતા કોઇને ક્ષમા આપી નથી શકતા કે કોઇને - સમજી નથી શકતા માત્ર હું જ સાચો છું બધા મને જ સાચવો આવૃત્તિ માણસને દુખી દુખી કરી નાખે છે.

ઠોકર-પશ્ચાતાપ અને ભક્તિ દ્વારા સ્વભાવ પર થોડો ઘણો કાબૂ મેળવી શકાય ખરો.

સુવિચાર

- મોટા ભાગની નિષ્ફળતાના પોસ્ટમોર્ટમમાં ક્ષમતાનો અભાવ જોવા મળે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- તમને ખૂબ જ ગમતી ચોકલેટની ભેટ કોઇ આપે અને એ ચોકલેટ ખાવાને બદલે તમને એ આપનારની વાતો સાંભળવામાં વધારે રસ પડે તે પ્રેમ **- સ્ટીફન કોવી**
- અદ્યતન તકનીકને કારણે કાનથી જોવાની દૂર દૃષ્ટિ તો મળી ગઇ, પણ ભીતર ઝાંખવાની દિવ્યદષ્ટિ માટે કોઇ તકનીક જ નથી **- નવનીત**
- મનમાં ધરબી રાખેલી લાગણીઓ કોઇને કોઇ શારીરિક કે માનસિક રસ્તે યોગ્ય સમયે બહાર ન આવે તો તે વિકૃતિ બની જાય છે **- ડો. પ્રશાંત ભીમાણી**
- કર્તવ્યને પૂર્ણ કરવાની ક્ષમતા એ જ એક કર્તવ્યપૂર્તિનો પુરસ્કાર છે- **જ્યોર્જ ઇલીયટ**
- સ્વાધીનતા તો પ્રગતિનો શ્વાસ છે **- ઇંગર સોલ**
- લોકોને જૂઠું બોલ્યાનું દુઃખ હોતું નથી, પણ સામેવાળો ફરી એનો વિશ્વાસ નહીં કરે એનું દુઃખ હોય છે **- સંત રોબીન**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ગંગા નદીમાં, એક બોટમાં કેટલાક પ્રવાસીઓ જતા હતા એમાં કેટલાક યુવાનો-સંસારીઓ હતા અને દૂર એક મહાત્મા-સંત ઠંડીમાં ખૂલ્લા શરીરે તડકામાં બેસી માળા કરતા હતા.

યુવાનો નાસ્તિક હોવાનો દંભ કરતા હતા. 'ભગવાન' જેવું કંઇ છે જ નહીં. આવા સાધુઓ પોતાના પ્રભાવ અને ગુજરાન ચલાવવા ભગવાનનું નામ વટાવે છે' આ મતલબની વાતને ટેકો આપવા પોતપોતાને દંભી સાધુઓના જે ખોટા-સાચા પ્રસંદ યાદ આવ્યા તે મીઠાં-મરચાં સાથે કહેતા હતા.

નાવ બરાબર મધ્યમાં આવી ભગવાન પોતાની તો ઠીક પણ સંતની ટીકાથી ખૂબ ગુસ્સે થયા અને રૂબરૂ આવીને કહ્યું આ મૂર્ખાઓ ક્યારની તમારી ટીકા કરે છે તમે કહો તો હમણાં જ આ નાવ પલ્ટાવી નાખું અને ઇશ્વરની હયાતીને પરચો આપું!

સંત કહે ભગવાન નાવ પલ્ટાવવાની જરૂર નથી આ લોકોની બુદ્ધિ પલ્ટાવો એટલી જ મારી પ્રાર્થના છે...

ભગવાને તેમને ચમત્કાર બતાવી - ભાનમાં લાવ્યા અને સંતના કહેવાથી સદ્‌બુદ્ધિ આપી.

Email - sureshchandrabhatt18@gmail.com

ડ્રેસકોડની ડિસન્સી...!! કયા ખુબ લગતી હો, બડી સુંદર દીખતી હો...!!

તમે કેવા છો? બેફિકર કે સિન્સિઅર? જરા અરિસામાં જઇને જુઓ તમારા કપડાં જ તમને કહેશે... જગ્યાનું મહત્ત્વ સમજી કપડાં પહેરશો તો જામશો

અમદાવાદ-ગાંધીનગરમાં આવેલી ટોપની એન્જિનીયરીંગ કોલેજ પૈકીની વિશ્વકર્મા કોલેજમાં ઇન્ડકશન પ્રોગ્રામ હતો. કોલેજના પ્રોફેસર એમનો પરિચય આપતાં હતા. એક પ્રોફેસરે આવીને કીધું કે એમને નિરમા કોલેજમાંથી એમ.ટેક કર્યું છે. હવે આ સન્માનીય સર ઝભ્ભો પહેલી પગમાં ચપ્પલ ઠઠાડી સ્ટેજ પરથી પરિચય આપતા હતા અને એ પણ શુદ્ધ ગુજરાતીમાં...પ્રોફેસરનો કોલેજમાં શું ડ્રેસકોડ હોવો જોઇએ એ પોતે જ ભૂલી ગયેલા લાગ્યા. પ્રથમ નજરે એ કવિ કે કલાર્ક જ વધુ લાગ્યા...

વિદ્યાર્થીઓનો પરિચય શરૂ થયો ત્યારે મોટા ભાગનાં જીન્સ ટીશર્ટ, અને ટીશર્ટ પણ મેસેજના ચિતરામણ વાળી, ગોળ ગળાની કેટલાંક કોલર ઊંચા કરીને તો કેટલાંક બટન ખુલ્લાં રાખીને પધાર્યા. ગુજરાતના ટોપર્સ કોલેજમાં આવેલાં કે કાંકરીયા ફરવા ખબર જ ના પડે!!

એક શાળાના શિક્ષિકા સ્કર્ટ અને ટોપ પહેરી એક એક્ઝિબિશનમાં દેખાયા, અને એમણે પરિચિતને જાતાં જ પોતાનું મોં ફેરવી લીધું. હવે જો તમારે મોં ફેરવવું પડે એવાં કપડાં પહેરો છો જ શું કામ? અને જો પહેરવા ગમે જ છે તો શરમાવો છો શું કામ?

ગાંધીનગરની એક ધાર્મિક નામ સાથે જોડાયેલી શાળાએ સવારનો નજારો જોવા જેવો હોય છે. ત્યાં આવતી માતાઓ ગાઉનમાં છોકરાઓ મુકવા સ્કૂલ કેમ્પસમાં દેખાય છે. કેટલીક મોર્ડન શોર્ટ્સ અને ટોપમાં હાજર હોય છે. પુરૂષો હાફ પેન્ટ - બનિયાન અને માથું ઓળ્યા વગરનાં ભટકતાં હોય છે. ઘણાં પિતાઓ મોંમાં મસાલો - તમાકુ ભરાવીને બાળકોને મુકવા આવે છે... શાળામાં જઇએ છીએ અસંખ્ય વિદ્યાર્થીઓ અને કેટલાંય સભ્ય માતાપિતા વચ્ચે આવા બેફિકરાઓ રસ્તામાં પોદળાં કરતી ગાય જેવાં લાગે છે...

Hello ફ્રેન્ડસ!

-સંજય થોરાત

hellogandhinagar@gmail.com

સવારે દૂધ કેન્દ્ર પર દાઢી કર્યા વગર જાય તો સમજવામાં આવે, ગાઉન પર દૂધ લેવા જાય એ પણ એક ટાઇમ સમજાય, પણ ઓફીસે દાઢી વગર કે શાળાએ ગાઉન સાથે?? સમાજમાં અમૂક વર્ગને અમુદ દૃષ્ટિએ જોવા લોકો ટેવાયાં છે. શાલુ પહેરીને જેમ રસોઇ કે વોકિંગ ના કરાય એમ ગાઉન પહેરીને કોઇ જાહેર સ્થળે જઇ લોકોને નજરે ના ચઢાય આટલી સામાન્ય વાત કેમ નહીં સમજાતી હોય?

એક ભાઇ ભણવામાં જબરદસ્ત હોંશિયાર, સારાં ટકા સાથે પાસ થયો, ટોપર્સ જ હતો. સાથેનાં બધા મિત્રો નોકરીએ ચઢ્યા પણ આ માત્ર ઇન્ટરવ્યુમાં ફેઇલ થઇ જાય. અનેક ઇન્ટરવ્યુ કોલ્સ આવે. પુછેલાં બધાં પ્રશ્નોનાં સાચા જવાબ આપે. ટેકનિકલ સાઉન્ડ. જનરલ નોલેજ જોરદાર અને છતાંય રિજેક્ટ? એને ખબર જ નોહતી પડતી કે શું થાય છે? મિત્રો વચ્ચે ચર્ચા થઇ અને નક્કી કર્યું કે રવિવારે આનો મોક ઇન્ટરવ્યુ લઇએ, એને બે જણાના પપ્પાને હાજર રાખીને એટલે ખબર પડે કે ક્યાં લોચો લાગે છે?

એ આવ્યો અને 'મે આઇ કમિન?' સાથે એન્ટ્રી લેતાં જ ત્યાં બેઠેલા વડીલ આંચકો ખાઇ ગયા. ભાઇ સાહેબ ઇન્ટરવ્યુ માટે જીન્સ અને ચિતરામણવાળી ટીશર્ટ સાથે પધાર્યા હતા. એમણે પુછ્યું, 'આજે રવિવાર છે એટલે કે કાયમ આવાં કપડાં સાથે જ ઇન્ટરવ્યુ માટે જાય છે?' એણે કીધું કે એ તો કાયમ આવા કપડાંમાં જ ઇન્ટરવ્યુ માટે જાય છે. અને વાત સ્પષ્ટ થઇ કે આને કેમ કોઇ નોકરી આપતું નથી. નવા કોર્પોરેટ જગતમાં તમારાં કપડાં તરફનો એટીટયુડ એ તમારી પર્સનાલીટીનો ભાગ છે. એવું સમજાય છે.

તમે જયારે ઇન્ટરવ્યુમાં જીન્સ પહેરીને જાવ એનો અર્થ એટલો કે તમે જેટલાં તમારાં કપડાંની બાબતમાં કેજ્યુઅલ છો એટલાં જ તમારાં કામમાં રહેવાનાં. 'ચલતાં હૈ' વૃત્તિના હશો, એટલે એની અસર કામ પર પડે જ, પછી તમને કોણ નોકરી રાખે? તમને નવાઇ લાગશે પણ મોટા ભાગનાં ઇન્ટરવ્યુ પેનલમાં બેસતાં સજ્જનો તમારાં કપડાં, ટાપટીપ, રંગ સિલેકશનનું નિરીક્ષણ કરતાં હોય છે. અને તમેય અણજાણતાં બધી સાચ્ચી માહિતી તમારા ડ્રેસકોડ થકી આપતાં હોવ છો.

યુવાનોને ઇન્ટરવ્યુમાં સફેદ, આસમાની, લાઇનીંગ વાળા શર્ટ જેને ફોર્મલ કહેવાય પહેરવાં જોઇએ. ભડક, ફ્લોરોસેન્ટ, મોટી પ્રિન્ટ કે ચોકડાં ન પહેરાય એવું યાદ રાખવું. ટાઇ પહેરો તો સરસ, બુટ લેધરનાં અને પોલિશ્ડ જોઇએ. છોકરીઓએ સાડી, પંજાબી ડ્રેસ, ચૂડીદાર, કૂર્તા, ફુલ બોયનો ટોપ - જીન્સ પહેરાય. તંગ કપડાં કે જે શરીરનાં ભાગોનું પ્રદર્શન કરતાં હોય એ ટાળવાં, તમારે તમારા નોલેજથી કે અંગપ્રદર્શનથી નોકરી મેળવવી છે? એમાં સ્પષ્ટ રહેવું. સ્લિવલેસ તો કોલેજ - ઇન્ટરવ્યુમાં ટાળવા હિતાવહ છે.

આનાથી ઉલ્ટું જો એરહોસ્ટેસ બનવું હોય, રિસેપ્સનિસ્ટ માટેનાં ઇન્ટરવ્યુ હોય તો તમારાં કપડાથી વટ પાડવો પાડશે. તમારે ફર્સ્ટ લુક એટ સાઇટથી સામેનાને આકર્ષવા પડશે. તમે કિંગફિશરની એર હોસ્ટેલના ફોટા જોઇ લેજો મેટર ક્લિઅર થઇ જશે. અમુક ક્ષેત્રે છોકરીઓનો ઉપયોગ માત્ર ને માત્ર એમનાં ધંધાના માર્કેટીંગ માટે થાય છે ત્યારે ત્યાં સાડી - પંજાબી ડ્રેસવાળી મણીબેનને કોઇ ઊભું રાખતું નથી!!

દરેક ઓફિસ શાળા - કામ કરવાની જગ્યાએ કલ્ચર હોય છે. લખ્યાં - વણલખ્યાં નિયમો હોય છે. બધાં ફોર્મલમાં હોય અને તમે જીન્સ - ટીશર્ટમાં હોવ એટલે એટલો જ મેસેજ જાય કે આ કામને ગંભીરતાથી લેતો નથી માત્ર કોફી પીવાંને ગપાટાં હાંકવા આવે છે. ફોર્મલ કપડાં અને યુનિફોર્મ એક સમાન છે.

સૈનિક, પોલીસ, નર્સ, ડોકટરના ગણવેસ જોઇએ એટલે તરત જ ધ્યાને આવે કે આ સમાજ માટે કામ કરે છે અને એમાં કશું કહેવાની જરૂર પડતી નથી. સાધુ-સંતો એમનાં ભગવાને કારણે બધાં ભક્તો ચરણ સ્પર્શ કરે જ. આ કપડાંને કારણે સમાજમાં સૌને એક પોઝીશન મળી છે. બધે કાંઇ ગણવેશ નથી હોતાં પણ છતાંય ડ્રેસકોડ તો હોય જ છે. આપણે ફેશન ભલે કરીએ, મોર્ડન સ્ટાઇલ અપનાવાની ક્યાં ના છે. પણ આપણે એ કપડાં પહેરીને ક્યાં જઇએ છીએ? એટલું તો યાદ રાખવું જ પડે.

ટીવી સિરીયલ અને ફિલ્મોની હિરોઇન જુઓ. અંગપ્રદર્શન સ્ટાઇલથી બધાંને આકર્ષે છે, કારણ એમને એનાં પૈસા મળે છે. શિક્ષિકાઓ કરિનાની જેમ બેકલેસ બ્લાઉઝ પહેરી કોલેજમાં ભણાવે તો વિદ્યાર્થીઓ નોટીસ બોર્ડ જોશે કે શિક્ષિકાને? બીએડ.ના કલાસ લેતી વખતે એમના એટલે તો સાડીમાં પાઠ લેવડાવાય છે. સુસ્મિતા સેન જેવી સાડીની પ્રોફેસર પિક્ચરમાં જ સારી લાગે, વાસ્તવિક કોલેજમાં નહીં.

લઘર-વઘર લેંઘા-ઝભ્ભા છાપ શિક્ષકો, અસ્ત-વ્યસ્ત કપડામાં ફરતાં કોલેજીયનો, રાત્રે સૂવાના કપડામાં સોસાયટીમાં નીકળી પડતાં ઉત્સાહી લોકો એટલું જરૂર સમજે કે કોઇ કશું બોલે નહીં છતાંય ઘણું બધું તમારા માટે ધારી લેતાં હોય છે. એન્જીનીયરીંગ કોલેજમાં ભણવામાં આવે છે કે ઝભ્ભા ન પહેરાય, શિક્ષકોને સાડી કે વેલડ્રેસ કપડાં પહેરવા એટલે જરૂરી છે કે વિદ્યાર્થીઓ શિક્ષકોને આદર્શ માનતાં હોય છે. તમે એટલાંય ફેશનેબલ બનીને ના નીકળો કે, તમને જોઇ કોઇ ગીત ગાય કે, "ક્યાં ખુબ લગતી હો બડી સુંદર દીખતી હો" અને એવાં ગંદા - ગોબરાં ના નીકળો કે તમને ડ્રેસની સેન્સ જ ના હોય!

ચૂંટલો :

ડ્રેસકોડમાં ઓલવેજ ડિસન્સી જોઇએ. સમય-પ્રસંગ અને સ્થાન અનુરૂપ જો કપડાં પહેરાય તો જામી જવાય. તમે કેવા દેખાવ છો? ડિસન્ટ કે ડર્ટી? બેફિકર કે સિન્સિઅર? અરિસાને ગાભો મારી જોઇ લેજો. મેટર ક્લિઅર થઇ જશે?

આદિત્ય મને માફ કરી દો, તમારું સપનું હું આ વખતે પણ... તેનાંથી આગળ એ કંઇ બોલે તે પહેલાં જ આદિત્ય એ તેના સુકા હોઠ પર પોતાની તર્જરી રાખી દીધી, અને ગંભીર સ્વરે કહ્યું, એવું ન બોલ, માફી તો મારે માંગવી જોઇએ, હું જ તારો ગુનેગાર છું...

નવાં કલેવર

- નટવર હેડાઉ

આખો દિવસ તેના ચહેરા પર ઉદાસીનતા છવાયેલી રહી છે અને તે પડખામાં સુતેલી નવજાત બાળકીને એક નજરે જોતી રહે છે. બાળકીને થપથપાવી ને સુવડાવવા સિવાય તેની પાસે બીજું કોઇ કામ રહ્યું નથી. ત્રણ દિવસથી બસ બધું આમ જ ચાલ્યા કર્યું છે. ત્રણ દિવસથી તેની ખબર પુછવા કે બાળકીનું મોં જોવા કોઇ આવ્યું નથી. નર્સ આવે છે તે આવીને ઇન્જેકશન આપી જાય છે. ડૉકટર આવે છે બેડ સાથે લટકાવેલો ચાર્ટ જોઇને ચાલ્યા જાય છે. ઘરનો નોકર રામો આવે છે. તે ટિફીન આપી જતો રહે છે. પરંતુ સાસુ, સસરા, નણંદ કે દિયર કોઇ હજુ સુધી તેની ખબર પુછવા આવ્યા નથી. સ્વયં આદિત્ય પણ પોતાની દીકરીનું મોં જાવા આવ્યા નથી. તેની અનવરમ પ્રતિક્ષા અને અનામ ઉદાસીનતામાં તે આખો દિવસ ડુબેલી રહે છે.

ક્યારેક ક્યારેક એક રાક્ષસી ભય તેની ચારે તરફ ફરી વળે છે. તેને એમ લાગે છે કે તે નીચોવાઇ રહી છે. રોજ બરોજ ખાલી થતી જઇ રહી છે. તેના ચહેરા પર કરચલીઓ પડી ગઇ છે. આંખોની નીચે ખાડા પડી ગયા છે અને કાળા ડાઘ દેખાય છે. જાણે કે અત્યારથી તેની કાયામાં ઘડપણ ઉતરી આવ્યું છે. શરીર એકદમ શિથિલ થઇ જવાનો અનુભવ તેને બેચેન બનાવી રહ્યો છે. હજુ એની ઉંમર શું છે. અઠ્ઠાવીસ વર્ષની થઇ છે. અઠ્ઠાવીસ વર્ષની ઉંમર તો ભર જુવાનીની ઉંમર કહેવાય. ઘરડા થઇ જવાની નહીં. એ વાત અલગ છે કે આ ઉંમરે પહોંચતાં બાળપણની ચંચળતા રહેતી નથી. કે કિશોર વયમાં થતી ઉછળકૂદ કદાચ ઓછી થાય. પણ આ દિવસો યુવાવસ્થાના છે. ત્યારે કોઇ પોતાને વૃદ્ધ સમજવા લાગે તો તે કંઇક ગુમાવી રહ્યાનું પરિણામ લાગે છે.

માણસ વૃદ્ધ ત્યારે જ થાય છે જયારે તે માનસિક રૂપે પોતાને વૃદ્ધ સમજવા લાગે છે. પણ સુધા તો માનસિક રૂપે જ નહીં પણ શારીરિક રૂપે પણ પુરી ટુટી ચુકી છે. તેને એમ લાગે છે કે તે હવે પહેલાં જેવી સુંદર અને આકર્ષક લાગતી નથી. તેનું તન અને મન બંને જર્જરીત થઇ ચુક્યાં છે.

આદિત્યને પણ હવે તેનામાં કોઇ રૂચી રહી નથી. હવે તેની આંખોમાં પહેલાં જેવી પ્રેમની પવિત્ર ચમક જોવા મળતી નથી. બીજી દીકરીના જન્મ વખતે તો તેણે દબાયેલા સ્વરે કહેલું, 'દર વખતે દીકરી, મારું સપનું ક્યારેક પુરૂં...' આગળ એ કંઇ બોલ્યા નહોતા. પણ સુધા ચોખ્ખે ચોખ્ખું સમજી ગયેલી કે એ શું કહેવા માંગે છે. તેમના મનની ભાવના ને તે સમજી ગઇ હતી. તેને એમ લાગેલું કે બીજી દીકરીના જન્મની સાથે તેની ઉંમર દશ વર્ષ વધી ગઇ છે. તે દિવસે તે ખુબ રડી હતી. મન ને હળવું કરવા ખુબ રોઇ હતી. તે દિવસે તેને પહેલીવાર એમ લાગ્યું હતું કે એ યુવાનીનો ઉંબર વટાવી ઘડપણનાં દ્વાર ખખડાવી રહી છે.

આવું થવાનું કારણ શોધતાં તેને એમ લાગે છે કે ત્રણ છોકરીઓના કારણે જ તે ઝડપભેર આ દશામાં પહોંચી છે. ત્રણ છોકરીઓને જન્મ દેવાના કારણે પરિવેશમાંથી મળતી ઘૃણા અને સ્વયંમાં પ્રગટેલી આત્મગ્લાનીએ તેને હદ કરતાં વધુ તોડી નાખી છે.

"છોકરીઓથી ઘર ભરાઇ ગયું, આના કરતાં તો વાંઝણી રહી હોત તોય સારું હતું." અતુલાના જન્મ વખતે સાસુએ કહેલું એમના એ શબ્દો તીરની જેમ તેના કાળજે વાગેલા." બિચારા આદિત્યની કમર તો આ છોકરીઓને ભણાવતાં અને વળાવતાં તૂટી જવાની" સુધા આ સાંભળી તડપી ઊઠી હતી. તેને એ સમજ પડતી નહોતી કે એમાં તેનો શું વાંક છે? તે ક્યાં જવાબદાર છે? પણ એ ચૂપ રહી અને વ્યંગના વિષને ચુપચાપ પી ગઇ. બીજી છોકરીના જન્મ વખતે એટલું સાંભળ્યું, સહન કરવું પડેલું, તો હવે...

આ તો હવે ત્રીજી થઇ. એ વિચાર આવતાં સુધા કંપી ગઇ. એક અજ્ઞાતભય તેની અંદર પ્રસરી ગયો હતો. ત્રણ દિવસ અને ત્રણ રાત આ ભયના ઓથારમાં તે એકલી ઝઝુમતી રહી હતી. કોઇ આવ્યું નહી. દિમી કે અતુલાનું મોઢું પણ ત્રણ દિવસથી જોવા મળ્યું નથી. તેમની શું હશે. આદિત્ય તેની સંભાળ ક્યાંથી રાખી શકે? અને સાસુમાં ને તો બંનેનાં નામથી પણ ચીડ છે ત્યાં આ ત્રીજી પછી...?

સુધાની સામે આ એક વિકરાળ પ્રશ્ન હતો. ત્રીજી છોકરીને ખોળામાં લઇને સાસુનો સામનો કઇ રીતે કરશે. એ બધાંને સુધા શું જવાબ આપશે. કેવી રીતે આંખ મિલાવી શકશે આદિત્ય સામે? એ બધા વિચારો કરતાં કરતાં તેનું ચેતન લુપ્ત થવા લાગ્યું. પાંપણો એક અવ્યક્ત બોજથી સ્વતઃ ઢળવા લાગી.

બાળકીના સળવળાટથી તેણે ચોંકીને આંખો ખોલી તો એ ચકિત રહી ગઇ. અતુલા અને દિમીની વચ્ચે ઉભેલા આદિત્ય એકીટસે તેને જોઇ રહ્યા હતા. બંને છોકરીઓએ ધોયેલાં - સ્વચ્છ ફ્રોક પહેર્યા હતા. વાળ પણ સરસ ઓળેલા હતા. તેના પર ગુલાબી રીબનનાં ગોળ ફૂલ ગુલાબ જેવા લાગતાં હતા. બંનેનાં કપાળે નાના ચાંદલા લગાવેલ હતા. અને નાના નાનાં કાંડાઓમાં લીલા રંગની બંગડીઓ હતી. હાથમાં પુષ્પગુચ્છ લઇને આવેલી બંને સ્મિત ફરકાવતી હતી.

સુધાને ડુમો ભરાઇ આવ્યો, 'અતુલા તું... દિમી તું?'

'અને હું આદિત્ય પણ...' આદિત્યએ શરારતથી હસતાં હસતાં કહ્યું' અને ત્રીજીનું નામ પણ અમે નક્કી કરી દીધું છે. બિંદુ એટલે કે સુધા બિન્દુ. તારે તેમાં કંઇ ફેરફાર કરવો હોય તો બોલ.'

ખુશીના માર્યા સુધાની પાંપળો ઢળી પડી. તેનું ગળું ભરાઇ આવ્યું. તે બોલી, 'આદિત્ય મને માફ કરી દો. તમારું સપનું હું આ વખતે પણ...' તેનાંથી આગળ એ કંઇ બોલે તે પહેલાં જ આદિત્ય એ તેના સુકા હોઠ પર પોતાની તર્જરી રાખી દીધી. અને ગંભીર સ્વરે કહ્યું, 'એવું ન બોલ. માફી તો મારે માંગવી જોઇએ. હું જ તારો ગુનેગાર છું...'

સુધા વિસ્ફારિત નેત્રે આદિત્યને જોઇ રહી. તે બોલતો રહ્યો. "આ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ખુબ જ માનસિક દ્વંદ્વમાં હું રહ્યો છું. આત્મસંઘર્ષની ભયાવહ સ્થિતિમાંથી પસાર થતાં હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે આમાં તારો કંઇ વાંક નથી. બધી કસુર તો મારી જ છે. કેમ કે હું કુદરતની આ અમૂલ્ય દેનનો આનંદ અહોભાવથી સ્વીકારી ન શક્યો. ત્રણ દિવસના નિરંતર આંતરિક દ્વંદ્વ અને ચિંતન બાદ એટલું સમજી શક્યો છું કે છોકરા અને છોકરીમાં કોઇ ફરક નથી. બંને પ્રકૃતિએ પ્રદાન કરેલા સુંદર પુષ્પો છે. જે એક જેવું જ રૂપ, રંગ અને મહેંક પ્રસરાવે છે. તારી સાથે બહુ ક્રૂરતા પૂર્વક હું વર્ત્યો છું. વારંવારની તારી આ અગ્નિ પરીક્ષા માટે સુધા તું મને માફ કરીશ?"

સુધા અવાક રહી ગઇ. તે કંઇ બોલે તે પહેલાં દિમી એ પુષ્પગુચ્છ તેના ગાલે અડકાડ્યો અને બોલી. 'મમ્મી આ તાંજા ફૂલો તારા માટે' અને આ અતુલા તરફથી. કહેતાં અતુલા એ પણ પુષ્પગુચ્છ તેના ઓશીકાં પાસે રાખી દીધો. અને આ પપ્પા તરફથી તેની વ્હાલી વ્હાલી નાનકડી ઢીંગલી માટે' કહીને આદિત્યને એ એક સુંદર બેબી ફીડર બિંદુના સુંદર નાજુક પાતળા હોઠ પાસે લગાવ્યું. તે તેના નાના નાના હોઠથી ચુસ... ચુસ કરતી દૂધ પીવા લાગી.

સુધાને એમ લાગ્યું કે જાણે તે ખુલ્લી આંખે કોઇ સપનું જોઇ રહી છે. શબ્દો તો જાણે તેના ગળા સુધી આવીને અટકી ગયા. સ્વર જાણે પાંગળો થઇને લથડતો હતો. રૂંધાયેલા સ્વરે એ માંડ એટલું બોલી 'આદિત્ય.'

આદિત્યે મજાક સાથે કહેલું 'લે હવે આ છે આદિત્યના મનની મહેચ્છા' કહી તેણે એક કાર્ડ તેના હાથમાં આપ્યું. તેના પર છપાયેલા લાલ રંગનો ઊંધો ત્રિકોણ જોઇ સુધાનો મુરઝાયેલો ચહેરો તાજા ગુલાબની જેમ લાલ થઇ ગયો.

- vanvihari@gmail.com

સ્ત્રી વિશે તમે શું ધારો છો? ધારવાની જરુર નથી

ગુલમહોર

- દિનેશ દેસાઈ

પ્રેમ એટલે શું? શું કોઈનો સારો વ્યવહાર પ્રેમનું ઈજન છે? અમેરિકન સૉશ્યલાઈટ, સિંગર અને ઍક્ટ્રેસ પૅરિસ હિલ્ટન (જન્મ તા. ૧૭ ફેબ્રુઆરી, ૧૯૮૧)એ એક વાર કહ્યું હતું કે "કોઈ છોકરીના સૌમ્ય અને સૌજન્યશીલ વ્યવહાર અને ઉમદા સ્વભાવને કોઈએ આમંત્રણ માની લેવાની ભુલ કરવી જોઈએ નહીં. જો તમારો વ્યવહાર શાલીન અને ઉમદા ન હોય તો એ તમારો પ્રૉબ્લેમ છે અને તમારા પ્રૉબ્લેમ તમારી પાસે જ રાખો."

આખી દુનિયામાં ફેલાયેલી હૉટેલ્સ્ ચેઈન "હોટેલ હિલ્ટન" (હિલ્ટૉન)ના સ્થાપક કૉન્રેડ હિલ્ટનની પ્રપૌત્રી પૅરિસ તેનાં મા-બાપનું ચોથું સંતાન છે. ખુબ સાહ્યબી છે અને પૅરિસ પોતાની જિંદગી પોતાની શરતોએ જીવે છે. પૅરિસને શરાબપાનની આદત છે. તેને એકથી વધુ વખત પ્રેમ પણ થયો છે અને બ્રૅક-અપ પણ થયો છે. તે પુરુષના વિચિત્ર વ્યવહારો સામે બંડ પોકારતી રહી છે. તે બધા જ પુરુષોને ધિક્કારે છે એવું નથી. તે ગમતા પુરુષને ભરપુર પ્રેમ પણ કરે છે. પૅરિસ હિલ્ટનનો ફંડા એટલો જ છે કે પોતાની જિંદગી પોતાની શરતો ઉપર જીવવી.

આપણે આપણી આસપાસની જિંદગીમાં અને સમાજમાં નજર ઊંચી કરીને જોઈશું તો જોવા મળશે કે જુદા જુદા લોકો જુદી જુદી ધારણાઓ અને માન્યતાઓના પિંજરામાં કેદ પુરાયેલા છે. બધા લોકો એક જ સ્થિતિ યા પરિસ્થિતિનું પોતપોતાની રીતે આકલન — અવલોકન કરતા રહે છે. પરંતુ પોતાના મત બાંધી લેવાથી સામે જોઈ શકાતી પરિસ્થિતિ બદલાઈ જતી નથી. માણસે પોતાનું મન બદલવાની વાત છે. પરિસ્થિતિઓ તમારે વશ થવાની નથી. તમારે પરિસ્થિતિઓ અને સંજોગો અનુસાર ઢળવાનું હોય છે.

જ્યારે કોઈ સ્ત્રી ૨૦ કે ૨૧ વર્ષની થાય ત્યારે હંમેશા એવું માની લેવાની જરુર નથી કે હવે તે લગ્ન કરવા ઈચ્છે છે. સ્ત્રીનું જીવન તેનું વ્યક્તિગત અને પોતાનું છે. તેની અંગત જિંદગી તેને પોતાની રીતે જીવવાનો હક્ક છે. તેને લગ્ન મોડા કરવા હોય અત્યારે ન કરવા હોય તો એનો અર્થ એવો નથી કે તે લગ્ન કરવા માગતી જ નથી. તે આ ઉંમરે પોતાની કારકિર્દીમાં સ્થાયી થવા અને આગળ વધવા માગતી હોય તો એમાં ખોટું કશું જ નથી.

> કોઈના સારા વ્યવહારને પ્રેમ અથવા પ્રેમાળ સંબંધ માનવાની ભુલ કરવાની જરુર નથી, કોઈ જાતની ગેરસમજણને પ્રેમમાં સ્થાન ન જ હોઈ શકે, પ્રેમ નિર્મળ અને સ્વયં શુદ્ધ અનુભૂતિ છે, એમાં દંભ કે છળ યા કપટને પણ સ્થાન ન હોઈ શકે, પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ

જ્યારે કોઈ યુવતી ૨૦ કે ૨૧ વર્ષના ઉંબરે પહોંચે ત્યારે એના સપનાંને ઊડાન ભરવા પાંખો આવી રહી હોય છે. એને જિંદગીમાં કંઈક કરી બતાવવું હોય છે. એના પણ પોતાનાં અરમાનો અને સપનાં હોઈ શકે છે. એને પોતાની જિંદગી જીવવા સમય આપવો જોઈએ. ૨૦ કે ૨૧ની વય થઈ એટલે એવું માની લેવાની જરુર નથી કે તેણે લગ્ન કરી જ લેવાં જોઈએ.

જ્યારે કોઈ સ્ત્રી ૨૭ કે ૨૮ વર્ષની ઉંમરે પહોંચી હોય અને જો કુંવારી હોય તો તેના વિશે એવું માની લેવાની જરુર નથી કે તે લગ્ન કરવા માગતી નથી અથવા તેણે ઘણા બધા મુરતિયાઓને લગ્ન માટે રિજેક્ટ કર્યા હશે યા તો તેને ઘણા બધા મુરતિયાઓએ રિજેક્ટ કર્યા હશે. એવું વિચારવું જોઈએ કે તે યુવતીની જિંદગી તેની પોતાની છે. તેણે મોડાં લગ્ન કરવાં યા વહેલાં કરવાં કે પછી લગ્ન ન કરવાં એ તેનો પોતાનો વ્યક્તિગત અને અંગત નિર્ણય હોઈ શકે છે. તેને લગ્નસંસાર કરતા પોતાની કારકિર્દીનું મહત્ત્વ વધુ હોય એવું પણ બની શકે. સ્ત્રીને કોઈ પણ પ્રકારની માન્યતાઓ કે ધારણાઓથી દૂર રહેવા દેવી જોઈએ.

કોઈ યુવાનને ગર્લફ્રેન્ડ હોય તો એ યુવાનના ચારિત્ર વિશે આપણા સમાજમાં કોઈ વાત કરવામાં આવતી નથી. પરંતુ કોઈ યુવતીને જો બૉયફ્રેન્ડ હોય તો એના ચારિત્ર વિશે ચર્ચા શરુ થઈ જતી હોય છે. આવું કેમ? જ્યારે કોઈ યુવકનું બ્રેક-અપ થાય તો કોઈ કશું જ વિચારતું નથી. પરંતુ જો કોઈ યુવતીનું બ્રેક-અપ થાય તો પણ ચર્ચા થવા માંડે છે. યુવતીનો સંબંધ તૂટે એનો અર્થ એવો હરગીઝ ન કરી શકાય કે તે બીજો સંબંધ બાંધવા માગે છે.

જ્યારે સ્ત્રી પોતાની કારકિર્દી પ્